o/c

adani
Ports and Logistics

AHPL/DCF-Surat/188 Ha/Compliance/2024/82
૨૭.જુન. ૨૦૨૪

પ્રતિ,
નાયબ વન સંરક્ષક શ્રી,
સુરત વન વિભાગ,
સુરત

વિષય: **Diversion of 188.00 Ha Forest Land for Development of Port Back Up facility at Hazira, of village – Hazira and Sunvali (Shivrampur) of Tal – Chorasi, Dist – Surat in Gujarat State**

**Online Proposal No. FP/GJ/IND/5883/2014**

સંદર્ભ: આપનો પત્ર ક્રમાંક નં. ક/જમન/૧૭/૧૫૭/૨૦૨૪-૨૫ તા. 03.0૬.૨૦૨૪

મે.સાહેબશ્રી,

સવિનય જણાવવાનું કે ઉપરોકત સંદર્ભવાળા પત્ર મારફતે આપની કચેરી દ્વારા અમોને અધિક અગ્ર મુખ્ય વન સંરક્ષકશ્રી–જમીન, ગુજરાત રાજ્યની કચેરીના પત્ર ક્ર. જમન/૩૧/બ/૫૭૩-૭૪/૨૦૨૪-૨૫ તા. ૨૮.૦૫.૨૦૨૪ થી અમારી ઉપરોક્ત વિષયવાળી દરખાસ્ત અંગે સાદર કરવામાં આવેલ ક્ષતિઓ અંગે પુર્તતા કરવા જણાવેલ છે. આ અનુસંધાને મુદ્દાસર પુર્તતા અમે નીચે મુજબ રજુ કરીએ છીએ.

| અ. નં. | જણાવવામાં આવેલ ક્ષતિઓ | ક્ષતિ અંગે પુર્તતાની વિગત |
|---|---|---|
| ૧ | યુઝર એજન્સી દ્વારા માંગણી કરવામાં આવેલ વિસ્તાર ૪૦ હે. થી વધુ હોઈ મુખ્ય વન સંરક્ષકશ્રી દ્વારા સાઇટ ઇન્સ્પેકશન કરવાનું થાય છે. ફક્ત નાયબ વન સંરક્ષકશ્રી દ્વારા તૈયાર કરવામાં આવેલ સાઇટ ઇન્સ્પેકશન રિપોર્ટ ઉપર મુખ્ય વન સંરક્ષકશ્રી દ્વારા countersign કરવામાં આવેલ છે. જેથી મુખ્ય વન સંરક્ષકશ્રીનો સાઇટ ઈન્સ્પેકશન રિપોર્ટ સાદર કરવો તથા ઈ-પોર્ટલ ઉપર અપલોડ કરવો. | યુઝર એજન્સી કક્ષાએ લાગુ પડતું નથી. |
| ૨ | યુઝર એજન્સી દ્વારા પોર્ટ બેકઅપ ફેસીલીટી માટે માંગણી કરવામાં આવેલ વિસ્તાર પૈકી કઈ કામગીરી માટે કેટલો કેટલા વિસ્તારનો ઉપયોગ કરવાનો છે તેની કોઈ સ્પષ્ટ વિગતો દરખાસ્તમાં સામેલ નથી. | યુઝર એજન્સી દ્વારા માંગણી વાળા વિસ્તારના ઉપયોગ અંગેની માહિતી દર્શાવતુ પત્રક તથા અલગ-અલગ કલરથી ઉપયોગ અંગેની વિગતો દર્શાવતો નકશો ૫ પ્રતમાં અત્રે સામેલ છે. |
| 3 | યુઝર એજન્સી દ્વારા રજુ કરવામાં આવેલ FRA સર્ટીફીકેટ સાથે ગ્રામસભાના ઠરાવની નકલ સાદર કરવામાં આવેલ નથી. | સુરત જિલ્લાની ટ્રાયબલ સબ પ્લાન કચેરી, માંડવી દ્વારા મોજે શિવરામપુર(સુંવાલી) તથા મોજે – હજીરા ગામે વન અધિકાર ધારા ૨૦૦૬ હેઠળ કોઈ દાવા અરજી મળેલ નથી તથા કોઈ અધિકાર આપેલ નથી તે સબબના પ્રમાણપત્રોની નકલ આ સાથે સામેલ છે. |

Adani Hazira Port Ltd
At & Po Hazira
Choryashi
Surat 394 270
Gujarat, India
CIN: U45090J2009PTC058789

Tel +91 261 220 7780
Fax +91 261 220 7777
info@adani.com
www.adaniports.com

Registered office: Adani Corporate House, Shantigram, Near Vaishnav Devi Circle, S. G.Highway, Khodiyar, Ahmedabad-382421

adani

Ports and
Logistics

| | | |
|---|---|---|
| ૪ | વળતર વનીકરણ માટે જે સીએ સ્કીમ તૈયાર કરવામાં આવેલ છે તે પૈકી મોજે. ધુફી નાની, સર્વે નં. ૨૬૪, ૩૨૧, ૩૩૦, ૩૩૫, ૩૩૭, ૩૪૭, ૩૪૮, ૩૫૧, ૩૫૨, ૩૫૭ તા. અબડાસા, જી. કચ્છ ની ૭૮ હેક. માટેની હેક્ટર દીઠ ૨૦૦ રોપની તૈયાર કરવામાં આવેલ છે. ગાઈડલાઇન મુજબ હેક્ટર દીઠ ઓછામાં ઓછા ૧૦૦૦ રોપાની સ્કીમ તૈયાર કરવાની થાય. | અમારા દ્વારા અગાઉ સૂચિત કરવામાં આવેલ સીએ (વળતર વનીકરણ) જમીન મેળવવાની મુશ્કેલી જણાતા અમે મોજે-આંતરનેશ, તા. સાંતલપુર જી. પાટણની કુલ ૧૮૮ હેક. બિન જંગલ જમીન વળતર વનીકરણ માટે આપવાની તૈયારી બતાવીએ છીએ. નાયબ વન સંરક્ષકશ્રી પાટણ ની કચેરી દ્વારા આ બિન જંગલ જમીન વન વિભાગ માટે અનુકૂળ હોવાનું લેન્ડ સ્યૂટેબિલિટી સર્ટિફિકેટ તથા વળતર વનીકરણની સ્કીમ આપશ્રીને પત્ર ક્ર. બ/જમન/૧૦/૧૦૬૬-૭૧/૨૦૨૪-૨૫ તા. ૨૪.૦૬.૨૦૨૪ વાળા પત્રથી પાઠવેલ છે. જેની નોંધ લેવા વિનતિ છે. |

અમારી ઉપરોક્ત પુર્તતાઓને ધ્યાને લઈ અમારી વિષયવાળી દરખાસ્ત બાબતે આગળની કાર્યવાહી કરવા નમ્ર અરજ સહ વિનંતી છે.

આપના સહકારની અપેક્ષા સાથે...

આપનો વિશ્વાસુ,
**અદાણી હજીરા પોર્ટ લિ. વતિ**

**અધિકૃત અધિકારી**

બિડાણ : ઉપર મુજબ

સંરક્ષકશ્રીની કચેરી,
વન વિભાગ, સુરત.
27/06/24

Adani Hazira Port Ltd
At & Po Hazira
Choryashi

Tel +91 261 220 7780
Fax +91 261 220 7777
info@adani.com